ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગઠીયા ગેંગ સક્રીય

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી ગઠીયાઓ સક્રીય થઈ ગયા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવતા દર્દીના સ્નેહીજનો પાસેથી ડોકટરે ઓપરેશનમાં તાત્કાલીક દવા મંગાવી છે તેમ કહીને રૂપીયા લઈ ગઠીયાઓ છુમંતર થઈ જવાના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે વધુ એક ઠગાઈનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ગાંધીનગર નજીક ધોળાકુવા ગામે રહેતી શ્રમજીવી પરિવારની મહિલા પોતાની દિકરીને ડીલીવરી માટે ગાંધીનગર હોસ્પિટલ લઈને આવી હતી. દર્દીને એડમીટ કર્યા બાદ તેણીના પતિ તેના બ્લડ સેમ્પલ લઈને લેબમાં ગયા હતા. તે દરમિયાન મહિલા દર્દીના પતિ પાસે ઠગ આવી પહોંચ્યો હતો. અને તમારે દવા લાવવી પડશે, રૂપીયા આપો કહી રૂ.૬૬૦૦ હાથમાં આવતા જ લઈને ઠગ છુમંતર થઈ ગયો હતો.

શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ઓપીડી અને ઈન્ડોર ઈમારત દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી સગર્ભા મહિલાઓ પણ ડીલીવરીની સારવાર માટે એડમીટ થાય છે. ત્યારે ગાંધીનગર પાસે આવેલ ધોળાકુવા ગામે રહેતી તુલસીબેન સુખાભાઈ મેણાને ડીલીવરી માટે હોસ્પિટલ લાવવામાં આવી હતી. મહિલાના પતિને બ્લડનું સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. ત્યારે એક લાલ કલરની ટીશર્ટ પહરેલો અને દેખાવે ઉંચો ગોરો ઠગ તેણીના પતિ પાસે ગયો અને કહ્યું કે સેમ્પલ પછી આપજો એની ઉતાવળ નથી, પરંતુ દવાની જરુરીયાત વધુ છે. રૂપીયા આપો એટલે હું દવા લઈને આવું તેમ કહેતા મહિલાના પતિએ રૂ.૬૬૦૦ આપતા જ ગઠીયો ફરાર થઈ ગયો હતો. મહિલા અને પતિ સહિતના સગાઓ દવા લઈને આવશે તેની રાહ જોઈને બેઠા હતા. પરંતુ સ્ટાફ દ્વારા દવા મંગાવામાં આવી નથી.તે જાણતા જ પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો. પરંતુ આ ઠગને ઝડપી પાડવા માટે તંત્ર દ્વારા સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ચૂંટણી પરિણામ બાદ તમારે પક્ષ ભલે લુપ્ત થવાના આરે હોય પરંતુ અમે... તમને લુપ્ત થતી પ્રજાતીનાં લાભો અને રક્ષણ ન આપી શકીએ...!!

ઈવીએમની સાથે વીવીપેટ લગાવી લોકોને થયેલ સંદેહને ચૂંટણી પંચ દૂર કરે : પ્રફુલ્લ પટેલ

ગુજરાતમાં તેમનો પક્ષ સારી એવી સંખ્યામાં ઉમેદવારો ઉભા રાખશે : અન્ય પક્ષો સાથે સમજૂતી પણ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી ઈવીએમની સાથે વી.વી.પેટ મશીન લગાડી કરાવવી જોઈએ જેથી લોકોમાં ઈવીએમને લઈ ઉભા થયેલા સંદેહને દૂર કરી શકાય તેમ રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા અને પૂર્વ નાગરિક ઉડ્ડયન મંત્રી પ્રફુલ્લ પટેલે આજે જણાવ્યું હતું. તેમણે જણાવ્યુ હતુ કે ઈલેક્શન કમીશનની કચેરીમાં જઈ મેં આ વી.વી.પેટ મશીનની ચકાસણી કરી હતી. જેમાં તમે જે વોટ આપો તેની એક ચબરખી આ બોક્સમાં પડતી હોય છે.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી વેળાએ પ્રાયોગિક ધોરણે તેનો ઉપયોગ કરાયો હતો પણ હવે જ્યારે સંદેહ ઈવીએમને લઈ ચારેબાજુથી ઉઠી રહ્યો છે ત્યારે કમિશને લોકોના વિશ્વાસને ટકાવી રાખવા માટે આ પગલુ લેવુ જોઈએ તેવુ હું સ્પષ્ટ રીતે

માનુ છુ.

તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં તેમનો પક્ષ વ્યાપ વિસ્તારવા માગે છે અને તેથી જ તેમની સીધી દેખરેખ હેઠળ આ વખતે પક્ષ ચૂંટણીમાં ઝંપલાવશે. કોંગ્રેસ સાથે અગાઉની સમજૂતીમાં દગો થયાની વાત પણ પટેલે કરી હતી.

પ્રફુલ્લ પટેલે તેઓ ગુજરાતમાંથી ચૂંટણી લડશે ? તેવા પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર ટાળ્યો હતો પણ જણાવ્યુ હતુ કે પરિસ્થિતિ ઉભી થશે તો તેઓ ચોક્કસ લડશે.

તેમણે એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે તેમનો પક્ષ જનતાદળ(યુ) અને અન્ય પક્ષો સાથે ચૂંટણી સમજૂતી કરી શકે છે. અમે સારી એવી સંખ્યામાં આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારો ઉભા રાખીશુ.

ગુજરાતમાં ખેડૂતોને ભારોભાર અન્યાય કરવામાં આવી રહ્યાની વાત પણ તેમણે કહી હતી. પોષણક્ષમ ભાવ યુપીએની સરકારે જે આપ્યા હતા તે વર્તમાન કેન્દ્રની સરકાર આપી રહી નથી એ દુઃખદ છે. તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતના ઘણા બધાઓને આગળ રાખી તેમનો પક્ષ આ ચૂંટણી જંગમાં ઝુકાવશે.

કલોલમાં મહીલાની હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

ગાંધીનગર તા ૧૭

કલોલમાં મહીલાનુ મોત નિપજાવવાના કેસમાં કલોલ કાર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર કલોલમાં રહેતા જયંતી ફુલાભાઈ પરમારે તા ૧૦ એપ્રિલ વર્ષ ૨૦૧૪ ના રોજ પોતાની પ્રેમિકા બીજા વ્યક્તિ સાથે આડસબંધ રાખતી હોવાનુ માની તેના પર વીસ થી પચ્ચીસ જેટલા સ્ક્રુ ડ્રાઈવરના ઘા મારી મહીલાનુ મોત નિપજાવ્યુ હતુ. આ મામલે આરોપી જયંતિ વિરૂધ્ધ કલોલના શહેર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો હતો. આ કેસ કલોલની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા ૧૮ જેટલા સાહેદો તેમજ ડોકટર અને નજરે જોનારા અને તપાસ કરનારા અમલદારની જુબાનીને ધ્યાને લઈ જજે આરોપીને આજીવન કેદની સજા ભોગવવાનુ હુકમ કર્યો છે. જયારે આરોપીને રૂ ૧ હજારનો દંડ ભોગવવા પણ આદેશ કર્યા છે. આ કેસમાં સરકારી વકીલ તરીકે પ્રિતશ ડી વ્યાસે કાર્ટ સમક્ષ એવી દલીલો કરી હતી કે આરોપીએ એક સ્ત્રીની હત્યા કરી છે. તેની પર દયા ન રાખવી જોઈએ અને આરોપીને સખત કેદની સજા કરવી જોઈએ. સરકારી વકીલની દલીલો અને પુરાવાને ધ્યાને લઈ સેસન્સ જજે આરોપીને આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે.

સામાન્ય સભા માટે પૂરક એજન્ડા જારી કરાશે

પાંચ માસ જેટલા ગાળા પછી મળતી ખાસ સામાન્ય સભાને લઈ કોંગી સભ્યોએ જ હલ્લા બોલ કરતાં લેવાયો નિર્ણય

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૨મીએ મળનારી ખાસ સામાન્ય સભા માટે પૂરક એજન્ડા જારી કરવામાં આવશે.

કોંગ્રેસ પક્ષના સભ્યોએ આજે રોષ સાથે વ્યકત કરેલી લાગણીઓને ધ્યાને રાખી પક્ષના મોવડી મંડળના આગેવાનોના માર્ગદર્શન હેઠળ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે આ પૂરક એજન્ડા જારી કરવા માટેની સહમતિ દર્શાવી હતી.

પાંચ મહિનાના લાંબા અંતરે સામાન્ય સભા મળી રહી હોવાથી અને તે પણ ખાસ સમાન્ય સભા હોવાને લઈ કોંગ્રેસના ૧૫થી પણ વધુ સભ્યોએ આજે પંચાયત પ્રમુખની ચેમ્બરમાં હલ્લાબોલ કરી સૌને ચોંકાવી દીધા હતા.

સમિતિઓના ચેરમેનોને તેમની સત્તા સોંપવા સાથે સાથે પ્રમુખશ્રી પંચાયતની કચેરીમાં હાજરી આપે તેવા ૧૦થી વધુ મુદ્દાઓને લઈ આજે સભ્યોએ હલ્લા બોલ મચાવ્યું હતું.

સભ્યોના રોષને ઠંડો પાડવા માટે પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, સંગઠ્ઠનના આગેવાનો પણ પંચાયત સંકુલ દોડી આવ્યા હતા. સભ્યોની રજુઆતો આ નેતાઓએ શાંતિથી સાંભળ્યા બાદ બે થી ૩ જેટલા મુદ્દાઓનો સ્વીકાર કરી અને પૂરક એજન્ડા આ સામાન્યસભા માટે જારી કરવાનો નિર્ણય લીધો હતો. એટલું જ નહિ આ અંગે તંત્રના અધિકારીઓને પણ પૂરક એજન્ડા તૈયાર કરવાની સૂચનાઓ અપાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે એકાદ દિવસમાં જ આ પૂરક એજન્ડા જારી કરી દેવામાં આવશે. આ પૂરક એજન્ડાઓમાં કેટલા અને કયા કયા મુદ્દાઓ સમાવવામાં આવે છે તેને લઈ પણ પંચાયતના રાજકીય વર્તુળોમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.

એસ.ટી. ડેપોના વર્કશોપના રીનોવેશન પાછળ ૪૦ લાખનો ખર્ચ થશે

લાંબા સમયથી ખંડેર બનેલા વર્કશોપની સુધારણાનુ કામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાનુ સ્વપ્ન હજુ સાકાર થયુ નથી. જયારે ડેપોમાં મેન પાવરનો પણ અભાવ છે. ડેપોના વર્કશોપમાં મિકેનીકની ઘટના પ્રશ્ન

પણ ડેપો તંત્ર માટે શિરદર્દ સમાન છે. જો કે સલામત સવારીની દરકાર લેતા ડેપોના વર્કશોપનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ છે. ડેપોનુ નિર્માણ થયા બાદ પ્રથમ વાર વર્કશોપની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. જયારે સલામત સવારી પર્યાપ્ત રૂટમાં ઉપલબ્ધ ન થતા મુસાફરોએ હજુ ખાનગી વાહનોની જોખમી મુસાફરી ખેડવી પડે છે. જયારે એસ ટી ડેપોમાં પણ મુસાફરોને જરૂરી સુવિધા ન મળતા પરેશાની વેઠવાનો વારો આવતો હોવાની વ્યાપક ફરિયાદો આકોશનુ કારણ બની છે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાના મામલે છેલ્લા એક દાયકાથી કોઈ નિર્ણય લેવાતો નથી.

જયારે સ્થળ પસંદગીની વાતો બાદ પણ હજુ સુધી કોઈ નક્કર આયોજન થઈ શક્યુ નથી. જેના લીધે મુસાફરોની સલામતી રામભરોસે છે. જેના લીધે ડેપો સંકુલમાં દિનપ્રતિદિન તસ્કરી વૃતિને પ્રોત્સાહન મળી રહયુ છે. એસ ટી ડેપોમાં ડ્રાઈવર કંડકટર અને મિકેનીક સહીતના મેન પાવરનો પણ અભાવ વર્તાય છે. જેના લીધે ડેપોની બસ સેવા પણ પ્રભાવિત થઈ છે. ડેપોને મોડેલ બનાવવાની દિશામાં હજુ સુધી કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. જયારે ગંદકીના દુષણને ડામવા દંડ વસુલીની પ્રથા અમલી બનાવાયા બાદ હવે એસ ટી ડેપોના વર્કશોપનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ છે.

ડેપોના વર્કશોપના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. જેમાં ડેપો વર્કશોપના તુટી ગયેલા શેડ ફ્લોરીંગ તેમજ બારી બારણાનુ કામ કરવામાં આવશે. આ ઉપરાંત વર્કશોપના પાર્કીંગ વિસ્તારમાં પણ ફલોરીંગનુ કામ હાથ ધરવા આયોજન કરવામાં આવશે. ગાંધીનગર એસ ટી ડેપોનુ નિર્માણ કરાયા બાદ દાયકાઓના અંતે વર્કશોપની સુધારણાનુ કામ હાથ ધરવા માટે એસ ટી નિગમ દ્વારા કામ હાથ ધરાયુ છે. જયારે વર્કશોપના રીનોવેશનની સાથે મિકેનીકની ઘટનો પ્રશ્ન પણ હલ થાય તે અનિવાર્ય છે.

ડભોડા ખાતે ભૃણહત્યા નિવારણ કાર્યક્રમ યોજાયો

તાલુકાના ડભોડા ખાતે સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે તાલુકા કક્ષાનો ભૃણ હત્યા નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ બેટી બચાવો-બેટી પઢાવો, અંતર્ગત મહિલાઓ અને દિકરીઓ જાગૃત થાય તેવા હેતુસર ગામમાં જનજાગૃતિ રેલી યોજાઈ હતી. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, ગાંધીનગર જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન દિનાજી ઠાકોર, કિસાન મોરચાના પ્રમુખ ગાંધીનગર દિલિપભાઈ પટેલ, ગામના આગેવાન હાલુસિંહ ઠાકોર, ભરતસિંહ ઠાકોર, તલાટીક્રમ મંત્રી, કે.આર. પટેલ વગેરે ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ પ્રસંગે મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્ક્રીન ઉપર ફિલ્મ બતાવવામાં આવી હતી.

ગુજરાત રાજય પાર્ટટાઈમ અંશકાલીન કર્મચારી મંડળની બેઠક અમદાવાદ ખાતે રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૭

રાજય સરકારની વિવિધ કચેરીઓમાં ૨૫ વર્ષથી વધુના સમયથી અંશકાલીન કર્મચારીઓ ફરજ બજાવે છે. પરંતુ તેમના પડતર પ્રશ્નોનું નિરાકરણ આજદિન સુધી આવ્યું નથી. તેથી ગુ.રા.અંશકાલીન મંડળની બેઠક તા.૧૯ માર્ચને રવિવારના રોજ સવારે ૧૧ કલાકે લાલદરવાજા ખાતે મળશે. આ બેઠકમાં પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને આગામી રણનિતી ઘડવામાં આવશે.

અત્યારે હાલના સમયમાં રાજય સરકારની વિવિધ ઓફિસોમાં વર્ગ-૪ ના કર્મચારીને બદલે કોન્ટ્રાકટ પધ્ધતિથી કર્મચારીઓને રાખવામાં આવે છે.અંશકાલીન કર્મચારીઓ અને કોન્ટ્રાકટના કર્મચારીઓ એક સમાન હોવા છતા કોન્ટ્રાકટના કર્મચારીઓને રૂ.૧૪૯૯૩ માસિક વેતન ચુકવામાં આવે છે. વર્ષોથી નોકરી કરતા હોવા છતા અંશકાલીન કર્મચારીઓને માત્ર એક દિવસના રૂ.૨૪૬ ચુકવાય છે. સરકારે અંશકાલીન કર્મચારીઓને કાયમી કરવાની જગ્યાએ છુટા કરી દીધા છે. વર્ષ ૨૦૦૭ના પરિપત્રને અનુસંધાને માત્ર ૫ ટકા અંશકાલીન કર્મચારીઓને કાયમી કરવામાં આવ્યા છે.જયારે બાકીના ૯૫ ટકા કર્મચારીઓ ઘરે બેઠા છે. જેને પગલે કર્મચારીઓ હવે સરકાર સામે લડી લેવાના મુડમાં જણાયા છે. વારંવારની રજુઆત છતા અંશકાલીન કર્મચારીઓની એક પણ પડતર માંગણી નહીં સંતોષાતા કર્મચારીઓ ઉગ્ર લડત ચલાવશે. જેને પગલે આગામી તા.૧૯ માર્ચના રોજ સવારે ૧૧ કલાકે લાલદરવાજા ખાતે એક બેઠકનું અંશકાલીન કર્મચારી મંડળ દ્વારા આયોજન કરાયું છે. બેઠકમાં કર્મચારીઓની મોટી સંખ્યામાં હાજર રહેવા મંડળના મહામંત્રી વિનોદભાઈ રોઠોડે અનુરોધ કર્યો છે.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત જાહેર કરાયેલ ઓડીએફ જિલ્લાઓની કામગીરીને બિરદાવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૭

રાજયની ગ્રામ વિકાસ કમિશનરની કચેરી દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'અભિનવ સમાધાન કાર્યશાળા'નું ગઈકાલે રાજભવનમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ઓડીએફ જાહેર કરાયેલ ડાંગ, જામનગર, મહીસાગર, મોરબી, પાટણ અને વડોદરા જિલ્લાઓના જિલ્લા વિકાસ અધિકારીઓની આગેવાની હેઠળ અભિનવ સમાધાન સમૂહોએ ભાગ લીધો હતો.

રાજયના ગ્રામીણ વિસ્તારોમાં અને નબળા અને ગરીબ લોકોના વિસ્તારોમાં શૌચાલયો બનાવવા તથા શૌચાલય વિહોણા ઘરોમાં તેની સુવિધા ઉભી કરવા માટે કાર્યશાળામાં ભાગ લેનાર છ જિલ્લાઓના અભિનવ સમૂહો દ્વારા લોકોના મન બનાવવા જે પ્રયાસો કરવામાં આવ્યા છે, તેની રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ જિલ્લાઓમાં ખુલ્લામાં શૌચક્રિયા જતા લોકોને જાગૃત કરવાની આ સમૂહોએ જે કામગીરી કરી છે તેના પરિણામે લોકો ઘરમાં શૌચાલય બનાવવા માટે પ્રેરિત થયા છે અને જાહેર શૌચાલયોના નિર્માણ થતા સમસ્યાને હલ કરવામાં પ્રયાસો કરાયા છે, જે પ્રેરણાદાયક છે.

ગ્રામ વિકાસ કમિશનર અને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અગ્રસચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે આ પ્રયોગ દ્વારા જન જાગૃતિના કાર્યને વેગ મળ્યો છે, જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, સખી મંડળો, સહકારી સંસ્થાઓ, શાળા-કોલેજો તથા પ્રજાના પ્રતિનિધિઓનો ઉત્સાહભર્યો સહકાર મળી રહ્યો છે.

પ્રારંભમાં અધિક ગ્રામ વિકાસ કમિશનર ડી.પી. જોશીએ સ્વચ્છ ભારત મિશનના ઉદ્દેશ અને ઉપલબ્ધિઓની વિગતો આપતુ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ છ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીઓને પ્રશંસનીય કામગીરી માટે પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. ડાંગ, જામનગર, મહીસાગર, મોરબી, પાટણ અને વડોદરા જિલ્લાઓના અભિનવ સમાધાન સમૂહોએ ઓ.ડી.એફ.ની કામગીરીનું પ્રસ્તુતિકરણ કર્યું હતું.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

બાળકોમાં રહેલ આંતરિક કલાશક્તિને ઉજાગર કરી પદ્ધતિસરની તાલીમ આપતી એકમાત્ર નવતર કલાસંસ્થાનો નવવિકસિત ગાંધીનગરમાં
શુભારંભ
અભિવ્યક્તિ
કલા કેન્દ્ર
● નૃત્ય ● ગાયન ● આર્ટ & ક્રાફ્ટ
● વાદન : હાર્મોનિયમ - તબલા - ગીટાર - વાંસળી
જેમાં આપના બાળકને એમની પસંદગીના કલા વિષયમાં વ્યક્તિગત વિશેષ ધ્યાન આપી પારંગત કરવામાં આવશે.
આવો, બાળકને કલાની અભિવ્યક્તિની તક આપીએ.
પ્રવેશ ચાલુ છે
સરકાર માન્ય પરીક્ષા અપાવવામાં આવશે.
ગાર્ગી ઠક્કર
સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, સી-૩૦૭, ત્રીજો માળ, બ્લેક પેપર રેસ્ટોરન્ટની ઉપર, ફૂડાસણ
મો. : ૯૬૨૪૦ ૩૪૩૫૩

Sleek
THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen

Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740